



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮ ૯ એપ્રિલ, ૨૦૨૧, શુક્રવાર; ફાગણ વદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોના ખતરનાક સ્થિતિએ, નવા સવા લાખ કેસ

## ભારતમાં કોરોનાની બીજી લહેર વધુ ખતરનાક : કેસની સંખ્યામાં વધારો થવાની સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો, ૨૪ કલાકમાં વધુ ૬૮૫ લોકોના મોત થયા

નવી દિલ્હી, તા. ૮

ભારતમાં કોરોનાની બીજી લહેર વધારેને વધારે ખતરનાક સાબિત થઈ રહી છે. ભારતમાં કોરોના કાળ દરમિયાન નોંધાયેલા નવા કેસના તમામ રેકોર્ડ બુધવારે નોંધાયેલા કેસમાં તૂટી ગયા છે. દેશમાં પાછલા ૨૪ કલાકમાં ૧ લાખ ૨૬ હજારથી વધુ કેસ નોંધાયા છે. નવા કેસની સંખ્યામાં વધારો થવાની સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં ૧,૨૬,૭૮૯ નવા કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૧,૨૯,૨૮,૫૭૪ પર પહોંચી ગયો છે. ભારતમાં કોરોનાના લીધે પાછલા ૨૪ કલાકમાં વધુ ૬૮૫ લોકોના મોત થઈ ગયા છે, જેની સાથે કુલ કેસની સંખ્યા ૧,૬૬,૮૬૨ થઈ ગઈ છે.

હાલ દેશમાં કોવિડ-૧૯ એક્ટિવ કેસની સંખ્યા ૯,૧૦,૩૧૯ પર પહોંચી ગઈ છે, પાછલા ૨૪ કલાકમાં વધુ ૫૯,૨૫૮ લોકોને હોસ્પિ.માંથી રજા મળી છે અથવા કોરોના મુક્ત થયા છે.

આ પહેલા દેશમાં સૌથી વધુ કોરોના કે ૧,૧૫,૭૩૬ મંગળવારે નોંધાયા હતા. આ ત્રીજો દિવસ છે કે દેશમાં કોરોનાના નવા કેસ ૧ લાખને પાર ગયા છે.

આઈસીએમઆર મુજબ બુધવારે ૧૨,૩૭,૭૮૧ લોકોના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સાથે અત્યાર સુધીમાં કોરોના ટેસ્ટ માટે લેવામાં આવેલા સેમ્પલની સંખ્યા ૨૫,૨૬,૭૭,૩૭૯ થાય છે.

દેશમાં ૯,૦૧,૯૮,૬૭૩ લોકોને કોરોના વાયરસ સામે લડવા માટે રસી આપવામાં આવી છે. જેમાં ૨ એપ્રિલથી ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના લોકોને રસી આપવામાં આવી રહી છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોનાની રસીનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. આ પછી બીજો તબક્કો ૧ માર્ચના રોજ શરુ થયો હતો. આ તબક્કા દરમિયાન ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ૪૫ વર્ષથી ૫૯ વર્ષના કે જેઓ ગંભીર બીમારીથી પીડાય છે તેમને રસી આપવાનું શરુ કરવામાં આવ્યું હતું.

# પીએમ મોદીએ કોરોનાની રસીનો બીજો ડોઝ લીધો

**વેક્સિન આપણી આસપાસ વાયરસને હરાવવા માટેની કેટલીક રીતોમાંથી એક છે, જો તમે વેક્સિન માટે યોગ્ય છો, તો જલદી પોતાનો ડોઝ લઈ લો**

નવી દિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસની રસીનો બીજો ડોઝ આજે લીધો છે. ગઈ વખતની જેમ આજે પણ મોદી રસીનો ડોઝ લેવા માટે સવારે ૬ વાગ્યે એમ્સ પહોંચ્યા હતા. આ પહેલા




વડાપ્રધાને માર્ચ મહિનામાં કોરોનાની રસીનો ડોઝ લીધો હતો. મોદીએ ૩૮ દિવસ પછી રસીનો બીજો ડોઝ લીધો છે. ભારતમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે, આવામાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે રસી પણ મહત્વનું હથિયાર માનવામાં આવી રહ્યું છે.

# લોકડાઉનના ડરે દિલ્હી-પૂણેથી પ્રવાસી શ્રમિકોની વતન વાપસી

## દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલ પર મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના ઘરે પરત ફરતા જોવા મળી રહ્યા છે : પુણેના રેલ્વે સ્ટેશન પર ભારે ભીડ ઉમટી

નવી દિલ્હી, તા. ૮

ભારત ફરી એક વખત ગયા વર્ષની માફક કોરોના વાયરસ સંકટના એ જ સમયમાં ફરી પ્રવેશતું જણાઈ રહ્યું છે. એક તરફ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને શહેરોમાં ફરી લોકડાઉન લાગુ કરવામાં આવશે તેવો ડર વ્યાપી રહ્યો છે. ત્યારે આ બધા વચ્ચે પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જઈ રહ્યા હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. સતત વધી રહેલા પ્રતિબંધો વચ્ચે લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે. દિલ્હી, પુણે સહિત અન્ય વિસ્તારના પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જવા લાગ્યા છે.

દિલ્હીના આનંદ વિહાર



ટર્મિનલ પર મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના ઘરે પરત ફરતા જોવા મળી રહ્યા છે. બિહારના કેટલાક મજૂરોએ જણાવ્યું કે, પાછલી વખતે લોકડાઉનમાં તેઓ દિલ્હીમાં ફસાઈ ગયા હતા પરંતુ આ વખતે તેમ ન બને તે માટે તેઓ પહેલેથી જ પોતાના ઘરે જઈ રહ્યા છે. કોરોના સંકટના કારણે દિલ્હીમાં નાઈટ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યું છે. તે સિવાય પણ અન્ય કેટલાય પ્રતિબંધો મુકવામાં આવેલા છે. તેમ છતા કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે જેથી પ્રવાસી મજૂરોને લોકડાઉનનો ભય સતાવી રહ્યો છે.

દિલ્હીથી દૂર મહારાષ્ટ્રના પુણેમાં પણ આવી જ સ્થિતિ છે. પુણેના રેલવે સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી રહી છે અને મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના ગામ, શહેર તરફ જઈ રહ્યા છે. રેલવેના કહેવા પ્રમાણે ભારે ભીડ હોવા છતા તેઓ સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તે માટે કામ કરી રહ્યા છે અને નિયમોનું પાલન થઈ રહ્યું છે.

# મ.પ્ર.ના મોટા શહેરોમાં બે દિવસનું લોકડાઉન લગાવાશે

**એમપીમાં શનિ-રવિવારે લોકડાઉન, લોકડાઉન શહેરી વિસ્તારોમાં રહેશે, લોકડાઉનમાં વેક્સીનેશનનું કામ જારી**

ભોપાલ, તા. ૮

દેશભરમાં કોરોનાના વધતા કેસ ચિંતા વધારી રહ્યા છે, આવામાં એક તરફ લોકડાઉન આવશે કે નહીં તેવી ચર્ચાઓ ચિંતા વધારી રહ્યા છે તો બીજી તરફ કેસને કાબૂમાં લેવા માટે કરવામાં આવતા પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. આવામાં હવે કોરોનાના વધતા કેસ પર કાબૂ લેવા માટે ગુજરાતના પાડોશી રાજ્યએ લોકડાઉનનો નિર્ણય લીધો છે.

મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ સરકારે કોરોનાના કેસને અટકાવવા માટે રાજ્યના તમામ મોટા અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જે પછી મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મધ્યપ્રદેશમાં બે દિવસનું લોકડાઉન લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના તમામ શહેરોમાં બે દિવસ સુધી લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું છે કે હવે મધ્યપ્રદેશમાં શનિવાર અને રવિવારે લોકડાઉન રહેશે. આ લોકડાઉન શહેરી વિસ્તારોમાં રહેશે. લોકડાઉન દરમિયાન વેક્સીનેશનની કામગીરી ચાલુ રહેશે. મુખ્યમંત્રી શિવરાજસિંહએ આ મુદ્દે રાજ્યના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જે પછી સરકારે નિર્ણય લીધો છે.

આ પહેલા બુધવારે શિવરાજસિંહે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં કોરોનાના વધતા કેસ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. જે બાદ લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# બુરહાનપુરમાં પારો પહોંચ્યો ૪૩ ડિગ્રી

ન્યુ દિલ્હી, તા.૮

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય હોવાના કારણે દેશના હવામાનમાં સતત ચડાવ-ઉતાર ચાલુ છે. એપ્રિલ મહિનામાં જ સૂરજ દેવતા આગ વરસાવી રહ્યા છે. ઘણા રાજ્યોમાં પારો ૪૦ કે તેને પાર પહોંચી ગયો છે. જો કે ભારતીય હવામાન વિભાગે આજથી લઈને આગલા ૨૪ કલાકમાં અમુક જગ્યાએ ભારે વરસાદનુ અનુમાન વ્યક્ત કર્યુ છે. વિભાગે કહ્યુ છે કે દિલ્લી-એનસીઆરમાં આંધી-તોફાન જોવા મળી શકે છે જેનાથી ગરમીથી તપી રહેલી દિલ્લીના તાપમાં થોડો ઘટાડો જોવા મળશે.

# કેન્દ્ર અને રાજ્યો વચ્ચે 'વેકસીન વોર'

ન્યુ દિલ્હી, તા.૮

દેશમાં એક તરફ કોરોનાનો ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વેકસીનેશનને લઈને જંગ વેગવંતી બની છે. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ સહિત કેટલાક રાજ્યોએ વેકસીનની અછતની વાત જણાવી છે તો કેન્દ્ર તરફથી કેટલાક રાજ્યોને રસીકરણની ધીમી સ્પીડને લઈને પત્ર લખ્યો છે. કેન્દ્રએ પંજાબ, દિલ્હી, મહારાષ્ટ્રને પત્ર લખી રાષ્ટ્રીય સરેરાશથી પણ પાછળ ચાલતા હોવાનું જણાવ્યુ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ રાજ્યોને પત્રો લખ્યા છે જેમાં રસીકરણની ધીમી સ્પીડ અંગે સવાલો ઉઠાવ્યો છે. મહારાષ્ટ્રને અત્યાર સુધી ૧૦૬૧૯૧૯૦ ડોઝ અપાયા છે પરંતુ હજુ ૯૦૫૩૫૨૩નો ઉપયોગ થયો છે. મહારાષ્ટ્રમાં ધીમી રફતાર હોવાનુ જણાવાયુ છે.

મહારાષ્ટ્રની જેમ દિલ્હીને લઈને પણ કહેવાયુ છે કે અત્યાર સુધી ૨૩૭૦૭૧૦ ડોઝ અપાયા છે. જેમાંથી ૧૮૭૦૬૬૨નો ઉપયોગ થયો છે. કેન્દ્રએ કહ્યુ છે કે રાજ્યોએ રફતાર વધારવી પડશે.

મહારાષ્ટ્ર સહિતના કેટલાક રાજ્યોએ એવી ફરીયાદ કરી છે કે અમારી પાસે વેકસીન નથી અથવા તો થોડો સ્ટોક બચ્યો છે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં લેટર બોમ્બથી ભારે ચકચાર

મહારાષ્ટ્ર સરકારના ગૃહમંત્રી બાદ હવે રાજ્યના પરિવહન મંત્રી પણ સચિન વાઝેના લેટર બોમ્બના કારણે બરાબરના ભેરવાયા છે. સચિન વાઝેએ હવે રાજ્યના ઉપમુખ્યમંત્રી અજીત પવાર પર પણ મોટાપાયે વસુલી કરવાનો આરોપ લગાવ્યો છે. વઝેએ પોતાના પત્રમાં દાવો કર્યો છે કે, એક વ્યક્તિએ તેનો સંપર્ક કર્યો હતો અને પોતાને અજીત પવારના નજીકનો ગણાવ્યો હતો.

આ વ્યક્તિએ ગુટખાના વ્યાપારીઓ પાસેથી રૂપિયા ૧૦૦ કરોડની ઉઘરાણી કરવાની વાત કરી હતી. આ આરોપ બાદ એનસીપી અધ્યક્ષ શરદ પવારની પણ મુશ્કેલીઓ વધતી જણાઈ રહી છે. અગાઉ મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહના આરોપ બાદ ગૃહમંત્રી અનિલ દેશમુખે રાજીનામુ આપવુ પડ્યું હતું. સચિન વાઝેએ એવો પણ દાવો કર્યો હતો કે, મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રીએ તેમને ફરી વખત નોકરી પર પરત લેવા માટે બે કરોડ રુપિયાની માંગ કરી હતી.


ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણી-૨૦૨૧



વોર્ડ નં-૬ માં સમાવિષ્ટ વિસ્તાર

સેક્ટર-૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭, વાવોલના છાપરા, કુબેરનગર, ગોકુલપુરા

| ક્રમ | ઉમેદવાર | ભાજપની પેનલના ઉમેદવારોના નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧ | | ગૌરાંગભાઈ રવિન્દ્રભાઈ વ્યાસ<br>મો : ૯૮૨૪૦ ૬૬૭૭૭ | | |
| ૫ | | પ્રેમલત્તાબેન નિલેશભાઈ મહેરીયા<br>મો : ૯૭૩૭૧ ૯૩૦૩૫ | | |
| ૬ | | ભાવનાબેન વિક્રમસિંહ ગોલ<br>મો : ૯૮૭૯૦ ૯૯૦૦૧ | | |
| ૯ | | મફાભાઈ મસાભાઈ દેસાઈ<br>મો : ૯૯૭૯૯ ૭૧૮૦૯ | | |

સૂચના : ૪ મત આપ્યા પછી સામેનું પીળું બટન દબાવવું → રજીસ્ટર

સૂચના : મતદાન અવશ્ય કરો. મતદાન કરવું એ સર્વે નાગરિકની ફરજ છે અને મતદાન એ મહાદાન છે.

- ભાજપની પેનલના ૪ ઉમેદવાર ને મત આપવા તેમના ક્રમાંક ૧,૫,૬,૯ ના નિશાન કમળની સામેના ૪ વાદળી બટન ક્રમ વાર દબાવો.
- બટન દબાવવાથી તેની પાસેની લાલ બત્તી થશે તેમજ બીપનો અવાજ આવશે, જો લાલબત્તી ન થાય તો ફરી બરાબર વાદળી બટન દબાવો. ભાજપની પેનલના ચારેય ઉમેદવારની સામેનું વાદળી બટન દબાવી નીચે આપેલું પીળું બટન ( રજીસ્ટર ) દબાવવાથી જ આપનો મત નોંધાયેલો ગણાશે.
- મતદાન મશીનમાં ચારેય કમળના નિશાન સામેનું વાદળી બટન દબાવી પીળું બટન દબાવો એટલે જ ભાજપની પેનલને મત.

મતદાન માટેના પુરાવા : (૧) પાસપોર્ટ (૨) ડ્રાઈવીંગ લાયસન્સ (૩) ઈન્કમટેક્ષ (પાન) ઓળખકાર્ડ (૪) કર્મચારીનું નોકરીનું ઓળખકાર્ડ. (૫) રેશનકાર્ડ (૬) પછાત વર્ગનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (૭) વિદ્યાર્થી ઓળખકાર્ડ (૮) મિલકતના દસ્તાવેજો (૯) રેલ્વે-બસનો પાસ (૧૦) રાહત કેમ્પનું કાર્ડ વગેરે...

ગુજરાત છે મક્કમ
ભાજપ સાથે અડીખમ

ગાંધીનગરનું હિત, ભાજપની જીત...

મતદાન તારીખ : ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર, સમય : સવારે ૭-૦૦ થી સાંજે ૬-૦૦



શ્રદ્ધાદીપ ક્લીનીક

સમય સાંજે ૭ થી ૧૦
રવિવારે એપોઈન્ટમેન્ટથી

હૃદય રોગના તમામ નિદાન
ઈકો (ECHO)

ડૉ. બોની ગજ્જર
MD DM Cardiac Consultant

પ્લોટ નં. ૩૨૮-૩૨૯, સેક્ટર-૧૬, શિવ કોમ્પ્લેક્ષ, ઘ-૪,
આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની પાછળ, ગાંધીનગ



હાર્દિક અભિનંદન



આપની પ્રદેશ યુવા મોરચાના પ્રમુખપદે
કરાયેલ વરણીને અંતરના
ઉમળકાથી વધાવીએ છીએ...
આપના જીવનની કારકિર્દીમાં
ઉત્તરોત્તર પ્રગતિ થાય
એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

શ્રી પ્રશાંત સવજીભાઈ કોરાટ
પ્રમુખ
ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચો

લિ.

વિક્રમભાઈ કે. પટેલ
ચેરમેન, ગાંધીનગર નાગરિક કો. ઓ. બેંક
પ્રમુખ, સમસ્ત પાટીદાર સમાજ, ગાંધીનગર શહેર
ટ્રસ્ટી, શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ, સેક્ટર-૩

વિપુલ આર. પટેલ
મેને. ડીરેક્ટર, ગાંધીનગર નાગરિક કો. ઓ. બેંક
પ્રમુખ, ચરોતર પાટીદાર સમાજ, ગાંધીનગર